# યુક્રેનિયન ડ્રોન હુમલો: રશિયન ઓઈલ ટર્મિનલમાં આગ

કિવ, તા. ૨૩ (એપી) રશિયાના ક્રાસ્નોદર ક્ષેત્રના સ્થાનિક અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, રાત્રિ દરમિયાન યુક્રેનિયન ડ્રોન હુમલાને કારણે અન્ય એક રશિયન ઓઈલ ટર્મિનલમાં આગ લાગી હતી. મોસ્કોના મહત્ત્વપૂર્ણ તેલ ઉદ્યોગ પર આ તાજેતરમાં થયેલો હુમલો હોય તેમ જણાય છે.

નોવોરોસિસ્ક શહેરના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, ડ્રોનનો કાટમાળ પડવાને કારણે એક ઓઈલ ટર્મિનલમાં આગ લાગી હતી, જેમાં બે લોકો ઘાયલ થયા હતા. જોકે, તેમણે આ સુવિધા (ઓઈલ ટર્મિનલ)નું નામ આપ્યું ન હતું.

રશિયાના અસ્ત્રા ન્યૂઝ આઉટલેટે જણાવ્યું હતું કે, યુક્રેનિયન ડ્રોન્સે શેસ્ખારિસ ઓઈલ ટર્મિનલ અને ડેપો પર હુમલો કર્યો હતો, જે આ પ્રદેશમાં રશિયાની રાજ્ય-નિયંત્રિત પાઈપલાઈન કંપની ટ્રાન્સનેફ્ટની મુખ્ય ઓઈલ પાઈપલાઈન્સનું ટર્મિનસ છે. અસ્ત્રા દ્વારા પોસ્ટ કરવામાં આવેલી તસવીરોમાં ઓઈલ ટર્મિનલની ઉપર ધુમાડો નીકળતો દેખાતો હતો, પરંતુ તેની પુષ્ટિ થઈ શકી નથી. યુક્રેને આ હુમલા અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.




ફ્રેન્ચ સત્તાવાળાઓએ વિવાદાસ્પદ નવી EU સરહદ તપાસ સ્થગિત કરવાની ફરજ પડી છે, કારણ કે વેકેશન મનાવવા નીકળેલા પ્રવાસીઓ અસહ ગરમીમાં ચાર-ચાર કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયા હતા. 'પોર્ટ ઓફ ડોવર'ની આસપાસ સંપૂર્ણ ચક્કાજામ જોવા મળ્યો હતો, જ્યાં બેંક હોલિડેના વીકેન્ડ પર યુકેથી બહાર ફરવા નીકળેલા વાહનચાલકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ભારે ગરમીમાં મુસાફરો હેરાન થયા હતા. નવી ઓટોમેટેડ EU બોર્ડર સિસ્ટમના અમલીકરણને કારણે આ વિલંબ વધુ વણસ્યો છે, જે ફ્રેન્ચ પાસપોર્ટ કંટ્રોલમાંથી પસાર થતા લોકોની પ્રક્રિયાને ધીમી પાડી રહ્યો છે.

# ઈરાન અને અમેરિકા સમજૂતીની નજીક છે: અધિકારીઓ

**ભારતની** મુલાકાતે આવેલા માર્કો રૂબિયોએ પણ પ્રગતિ થઇ હોવાનું જણાવ્યું

**બીજી** બાજુ ટ્રમ્પ હુમલાની ગંભીર વિચારણા કરતા હોવાના પણ અહેવાલ

ઈસ્લામાબાદ, તા. ૨૩ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન યુદ્ધનો અંત લાવવાના હેતુથી એક સમજૂતી જ્ઞાપન (મોમેરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પર સંમત થવાની નજીક છે. એમ શનિવારે બે પ્રાદેશિક અધિકારીઓ અને એક રાજદ્વારીએ જણાવ્યું હતું, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ઈસ્લામિક રિપબ્લિક પર હુમલાના નવા રાઉન્ડ અંગે વિચારણા કરી રહ્યું છે એવા પણ એક અહેવાલ હતા.

પાકિસ્તાનના આર્મી ચીફ દ્વારા તેહરાનમાં વધુ વાટાઘાટો યોજ્યા બાદ ઈરાને યુએસ સાથેની વાટાઘાટોમાં મતભેદો ઘટવાના સંકેત આપ્યા હતા અને યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "કેટલીક પ્રગતિ થઈ છે" અને "આજે મોડેથી સમાચાર મળી શકે છે." અધિકારીઓ અને રાજદ્વારીઓએ આશા વ્યક્ત કરી હતી કે, પાકિસ્તાન દ્વારા તૈયાર કરાયેલા ડ્રાફ્ટ પર અંતિમ નિર્ણય ૪૮ કલાકની અંદર આવી શકે છે. કારણ કે, બંને પક્ષો તેની સમીક્ષા કરી રહ્યા છે. અધિકારીઓએ નામ ન છાપવાની શરતે આ વાત કરી હતી. કારણ કે, તેઓ મીડિયાને માહિતી આપવા માટે અધિકૃત નહોતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સ અને દૂતો સ્ટીવ વિટકોફ તેમજ જેરેડ કુશનરે બાકી રહેલા મતભેદોને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને કતારે પાકિસ્તાનના મધ્યસ્થતાના પ્રયાસોને સમર્થન આપવા માટે તેહરાનમાં એક વરિષ્ઠ અધિકારીને મોકલીને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ છતાં, ઈરાન અને યુએસ બંનેએ તેમના મુખ્ય વલણો પર ભાર મૂક્યો હતો અને હુમલાઓ ફરી શરૂ થવાના જોખમો અંગે ચેતવણી આપી છે. ઈરાનના સરકારી ટીવીએ વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈને ટાંકીને આ ડ્રાફ્ટને 'માળખાકીય કરાર' તરીકે વર્ણવ્યો હતો અને ઉમેર્યું હતું કે: "અમે ઈચ્છીએ છીએ કે આમાં થોપવામાં આવેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે જરૂરી મુખ્ય મુદ્દાઓ અને અમારા માટે આવશ્યક મહત્ત્વના અન્ય મુદ્દાઓનો સમાવેશ થાય. ત્યાર બાદ ૩૦થી ૬૦ દિવસના વાજબી સમયગાળા દરમિયાન, વિગતો પર ચર્ચા કરવામાં આવશે અને અંતે એક અંતિમ કરાર પર પહોંચાશે." ઈસ્માઈલ બઘાઈને કહ્યું કે હોર્મુઝની સામુદ્રધુની ચર્ચાના વિષયોમાં સામેલ છે.

ઈરાનની સત્તાવાર સમાચાર સંસ્થા આઈઆરએનએ દ્વારા બઘાઈને ટાંકીને જણાવાયું છે કે, તાજેતરના દિવસોમાં સ્થિતિઓ વધુ નજીક આવી છે.

# 'ચાંદ મેરા દિલ': નબળી પટકથાવાળી નબળી ફિલ્મ






**મૂવી રિવ્યુ**

**અમર સોલંકી દ્વારા**

ફિલ્મ: 'ચાંદ મેરા દિલ'

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: લવ સ્ટોરીના ચાહકો એકાદવાર જોઇ શકે

ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ 'ચાંદ મેરા દિલ' (UA) એક પ્રેમ કહાની છે. આરવ (લક્ષ્ય) અને ચાંદની (અનન્યા પાંડે) કોલેજમાં મળે છે અને એકબીજાના પ્રેમમાં પડે છે. તેઓ હજુ વિદ્યાર્થીઓ જ હોય છે ત્યારે જ એકબીજા સાથે લગ્ન કરી લે છે. ચાંદની એક બાળકીને જન્મ આપે છે. તેમની પાસે સારી નોકરી ન હોવાને કારણે, આરવ અને ચાંદની માટે ઘર ચલાવવું મુશ્કેલ બની જાય છે. ત્યાર પછી સમસ્યાઓ શરૂ થાય છે.


એક દિવસ, ચાંદની સાથે વાત કરતી વખતે આરવ પોતાનો ગુસ્સો ગુમાવી બેસે છે. ગુસ્સાના આવેશમાં, તે ચાંદનીને થપ્પડ મારવા માટે હાથ પણ ઉપાડે છે. બસ, આ જ વાત પર ચાંદની પોતાની દીકરીને લઈને તેને છોડીને ચાલી જાય છે. આરવ માફી માંગે છે પરંતુ તેનો કોઈ ફાયદો થતો નથી. ટૂંક સમયમાં જ, તે તેને છૂટાછેડાની નોટિસ મોકલે છે. બંને પરિવારો આ બાબતમાં હસ્તક્ષેપ કરે છે પરંતુ ચાંદની જરાય નમતું જોખતી નથી. જોતજોતામાં, તેના જીવનમાં કેવિન (પરેશ પાહુજા) નામના એક નવા પુરુષનો પ્રવેશ થાય છે. ત્યારબાદ શું થાય છે? વિવેક સોનીની વાર્તા હોલીવુડ ફિલ્મ 'ઇટ એન્ડ્સ વિથ અસ' પરથી પ્રેરિત છે, જોકે તેમાં ઘણા બધા ફેરફારો કરવામાં આવ્યા છે. વાર્તા સારી છે પરંતુ તેને ઘણી વધારે ખેંચવામાં આવી હોય તેવું લાગે છે. તુષાર પરાંજપે અને વિવેક સોની દ્વારા લિખિત અને અક્ષત ઘિલ્ડિયાલ દ્વારા વધારાની પટકથા ધરાવતો સ્ક્રીનપ્લે બહુ ગળે ઉતરે તેવો નથી.

ચાંદની અને આરવ વચ્ચેનો રોમાન્સ એકદમ ફ્રેશ લાગે છે. તેથી ફિલ્મનો પ્રથમ ભાગ ઘણો રસપ્રદ છે. જો કે આ ડ્રામા પ્રેમીઓ વચ્ચેના વિખૂટા પડવા વિશેનો છે, તેમ છતાં લેખકો દર્શકોની આંખમાં આંસુ લાવવામાં અસમર્થ રહ્યા છે, જે આ સ્ક્રીનપ્લેની સૌથી મોટી નબળાઈ છે. અક્ષત ઘિલ્ડિયાલ, તુષાર પરાંજપે અને વિવેક સોનીના સંવાદો સારા છે પરંતુ તેમાં કંઈ અસાધારણ કે ખાસ નથી.

## સા રે ગ મ — અનિલ આનંદ


### રાજકારણમાં શેડો બોક્સિંગ અને ફ્લેક્સ યુદ્ધ





જેમ આપણે જાણીએ છીએ તેમ બોક્સિંગ એક મુશ્કેલ અને કપરી રમત છે પરંતુ આ મુક્કાબાજીની રમતમાંથી ઉતરી આવેલો રૂઢિપ્રયોગ (શેડો બોક્સિંગ) એટલો અઘરો કે કઠોર ન હોઈ શકે. જો આ શબ્દનો ઉપયોગ રાજકીય કાવાદાવા અને દાવપેચના સંદર્ભમાં કરવામાં આવે તો તે માઇન્ડ ગેમ્સ એટલે કે માનસિક રમતથી પ્રેરિત હોઈ શકે છે. આ જ કારણ છે કે જ્યારે બે કે તેથી વધુ દિગ્ગજ રાજકારણીઓ જાહેરમાં સામ-સામે આવ્યા વિના સર્વોપરિતાની લડાઈમાં ઉતરે છે ત્યારે 'શેડો બોક્સિંગ' (પડદા પાછળની લડાઈ) શબ્દનો ઉપયોગ થાય છે. જ્યારે કોઈ સર્વોચ્ચ બંધારણીય પદ માટે એક કરતાં વધુ દાવેદારો કે આશાવાદીઓ હોય ત્યારે 'શેડો બોક્સિંગ'ની રમત અનિવાર્ય બની જાય છે; પછી ભલે તે કેન્દ્રમાં હોય કે રાજ્યોમાં. તાજેતરમાં જ કેરળના મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસ દ્વારા ઉમેદવારની પસંદગીના સંદર્ભમાં આ શબ્દનો પ્રત્યક્ષ પ્રયોગ જોવા મળ્યો હતો. અહીં આ રેસમાં ત્રણ દાવેદારો મેદાનમાં હતા. જેટલા બોક્સરો (ઉમેદવારો) વધુ 'શેડો બોક્સિંગ'નો આ ખેલ એટલો જ તીવ્ર બને છે અને તેના આંચકા તિરુવનંતપુરમથી ઘણા દૂર દિલ્હી સુધી અનુભવાયા છે. કેરળના મુખ્યમંત્રી પદના ઉમેદવારની પસંદગીને લઈને ચાલી રહેલા આ ભારે હોબાળા વચ્ચે ત્રણેય દાવેદારોએ એક જુદા જ પ્રકારના 'શેડો બોક્સિંગ'માં પ્રવેશ કર્યો હતો. વાસ્તવમાં તેઓ 'ફ્લેક્સ બેટલ' (ફ્લેક્સ બોર્ડની લડાઈ)ના ક્યારેય ન સમાપ્ત થતા રાઉન્ડમાં ઉતરી પડ્યા હતા. ત્રણેય દાવેદારો ફ્લેક્સ બોર્ડના પ્રદર્શન દ્વારા એકબીજાથી ચઢિયાતા સાબિત થવાની હોડમાં લાગ્યા હતા.

### નામ 'છોટુ' અને કામ ગુનાહિત મોટું



સામાન્ય સંજોગોમાં અદાલતોમાં ખાસ કરીને ભારતીય સુપ્રીમ કોર્ટમાં કેસ લડવો એ ખૂબ જ ગંભીર બાબત છે. ન્યાયાધીશો વકીલો અને અસીલો (પક્ષકારો) માટે આ એક અત્યંત તણાવપૂર્ણ કસોટી હોય છે. તેમ છતાં ઘણી વખત આ તીવ્ર તણાવવાળા કોર્ટરૂમમાં પણ અચાનક હળવી પળો જોવા મળતી હોય છે. આવા કિસ્સાઓમાં તણાવની ક્ષણો વચ્ચે પણ વાતાવરણને હળવું કરવાની તક ઝડપી લેવા બદલ નામદાર ન્યાયાધીશોની સતર્કતાને દાદ દેવી પડે. કોઈ અસીલનું ઉપનામ નામદાર ન્યાયાધીશો માટે કોર્ટરૂમનું વાતાવરણ હળવું કરવા માટે કેટલું ઉપયોગી સાબિત થઈ શકે તેનો આ એક દાખલો છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે હત્યાના એક કેસમાં જામીન માંગનારા એક વ્યક્તિને ખૂબ જ વિચિત્ર પ્રશ્ન પૂછ્યો હતો. કલ્પના કરો કે કોર્ટરૂમનું વાતાવરણ કેટલું તણાવપૂર્ણ હશે ખાસ કરીને એ આરોપી માટે જે પોતાના સપનામાં પણ ફાંસીના માંચડાને જોતો હશે. ન્યાયાધીશે આરોપીને પ્રશ્ન પૂછ્યો "તમારું નામ શું છે?" જ્યારે તેના વકીલે જણાવ્યું કે આરોપીનું નામ 'છોટુ' છે ત્યારે બે ન્યાયાધીશોની ખંડપીઠની અધ્યક્ષતા કરી રહેલા જસ્ટિસ વિક્રમ નાથે વાતાવરણને હળવું કરવાની તક ઝડપી લીધી. તેમણે આરોપીને આગલો પ્રશ્ન પૂછ્યો "તમે 'છોટું' થઈને આવું 'બડા કામ' (મોટું ગુનાહિત કામ) કેમ કરો છો?" અને જુઓ તો ખરા આરોપીને જામીન મળી ગયા! કોર્ટરૂમમાં હાજર ઘણા લોકોને લાગ્યું કે આ કદાચ અદાલતના હળવા બનેલા વાતાવરણને કારણે શક્ય બન્યું હોઈ શકે છે.

### એક રાજકીય કટાક્ષ અને પલ્લુ વિવાદ



રાજકારણ શબ્દો અને ભૂલો પર જ ફૂલેફાલે છે. અને રાજકારણીઓ સિવાય બીજું કોણ શબ્દો વાક્યો અને પ્રસંગોને સંપૂર્ણપણે ફેરવી નાખવામાં માહિર હોઈ શકે? કેટલીકવાર આ તેમના ફાયદા માટે હોય છે તો કેટલીકવાર તેનાથી બિનજરૂરી વિવાદો ઊભા થાય છે. આવા વિવાદો જો ભૂલથી કે અજાણતામાં પણ ઊભા થયા હોય તો તે ચૂંટણી જીતની મીઠાશને પણ કડવાશમાં બદલી શકે છે. અને આ માટે શાસક પક્ષના ગુજરાતના એક રાજકીય નેતા સિવાય બીજા કોને દોષી ઠેરવી શકાય? ગુજરાત ભાજપના નેતા જગદીશ વિશ્વકર્મા દ્વારા કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરના 'પલ્લુ' (સાડીના છેડા)માંથી સત્તા સરકી જવાનો જે સંદર્ભ આપવામાં આવ્યો તેણે તેમના વિજય પ્રવચનને એક મોટા વિવાદમાં ફેરવી નાખ્યું.

# ટ્વિશા શર્મા કેસ: પતિને પોલીસ કસ્ટડીમાં મોકલાયો

**બીજી** વાર પોસ્ટમોર્ટમ માટે એમ્સ દિલ્હીની ટીમ ભોપાલ જવા રવાના થશે

**આ** કેસની તપાસમાં કચાશની સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સંમત

ભોપાલ, તા. 23 (પીટીઆઈ) એક સ્થાનિક અદાલતે શનિવારે પૂર્વ અભિનેત્રી-મોડલ ટ્વિશા શર્માના કથિત દહેજ હત્યાના કેસના આરોપી અને તેના પતિ સમર્થ સિંહને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે, જ્યારે તેની માતા અને સહ-આરોપી ગિરિબાલા સિંહે જણાવ્યું હતું કે, આ હાઈ-પ્રોફાઈલ કેસમાં તેમનું નિવેદન નોંધવા માટે પોલીસે હજી સુધી તેમનો સંપર્ક કર્યો નથી.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટના આદેશ બાદ ટ્વિશા શર્માનું બીજી વાર પોસ્ટમોર્ટમ કરવા માટે એઈમ્સ દિલ્હીના ચાર ડોક્ટરોની ટીમ સાંજે ભોપાલ જવા રવાના થવાની હતી.

ટ્વિશાના ફાંસી લગાવીને થયેલા મૃત્યુ બાદ તેની અને તેની માતા સામે એફઆઈઆર નોંધાયા પછી સમર્થ સિંહ દસ દિવસથી ફરાર હતો, જે શુક્રવારે સાંજે જબલપુર જિલ્લા અદાલતના પરિસરમાં આત્મસમર્પણ કરવા પહોંચ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. તેણે અગાઉ મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં દાખલ કરેલી આગોતરા જામીન અરજી પાછી ખેંચી લીધી હતી.

શનિવારે વહેલી સવારે સમર્થ સિંહને ભોપાલ લાવવામાં આવ્યો હતો અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અનુદિતા ગુપ્તા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે તેને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. તેના વકીલે તેનું પાસપોર્ટ પણ કોર્ટને સોંપ્યું હતું.

૩૩ વર્ષીય ટ્વિશા શર્મા ૧૨ મેના રોજ ભોપાલના કટારા હિલ્સ વિસ્તારમાં આવેલા તેના સાસરીના ઘરમાં લટકતી હાલતમાં મળી આવી હતી.

ત્યાર બાદ તેના પતિ સમર્થ સિંહ, જે એક વકીલ છે, અને તેની સાસુ તથા પૂર્વ જિલ્લા ન્યાયાધીશ ગિરિબાલા સિંહ વિરુદ્ધ દહેજ માટે કથિત સતામણીની એફઆઈઆર નોંધવામાં આવી હતી.

## લેહ નજીક હેલિકોપ્ટર ક્રેશમાં 3 આર્મી ઓફિસર્સનો બચાવ

નવી દિલ્હી, તા. 23: અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦ મેના રોજ લેહ નજીક લદ્દાખ સેક્ટરમાં એક ચીતલ લાઈટ હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ એક મેજર જનરલ સહિત ભારતીય સેનાના ત્રણ અધિકારીઓનો બચાવ થયો હતો. ટીએમ333બી એન્જિનથી સજ્જ ચિત્તાનું નવું વેરિઅન્ટ આ હેલિકોપ્ટર બપોરની ઉડાન દરમિયાન અકસ્માતનો ભોગ બન્યું હતું. આર્મીના અધિકારીઓએ જણાવ્યું કે, ક્રેશ સમયે એરક્રાફ્ટમાં બે પાઈલટ અને ડિવિઝન કમાન્ડર મેજર જનરલ સચિન મહેતા સવાર હતા. અધિકારીઓએ ઉમેર્યું કે, ત્રણેયને ઈજાઓ થઈ છે, પરંતુ તેઓ સુરક્ષિત અને સ્થિર છે. બંને પાઈલટોને સામાન્ય ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન, અકસ્માત બાદ લેવામાં આવેલી મેજર જનરલ મહેતાની એક સેલ્ફી સોશિયલ મીડિયા પર સામે આવી હતી અને તે ઝડપથી વાયરલ થઈ ગઈ હતી. સેનાએ હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ શોધવા માટે 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી'ના આદેશ આપ્યા છે. અકસ્માતમાં સામેલ હેલિકોપ્ટર ચીતલ હતું, જે દાયકાઓથી ભારતીય સશસ્ત્ર દળોની સેવા કરી રહેલા જૂના ચિત્તા ફ્લીટનું એક વર્ઝન છે.

# મોદી જે 'ઝાલમુરી' સ્ટોલ પર ગયા હતા તેની સુરક્ષા વધારાઈ

**સ્ટોલ** માલિકને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે

કોલકાતા, તા. ૨૩ (PTI) પશ્ચિમ બંગાળ ચૂંટણીના પ્રચાર દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગયા મહિને જે 'ઝાલમુરી' સ્ટોલની મુલાકાત લીધી હતી, તેના માલિકને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા બાદ ત્યાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

ઝારગ્રામ શહેરના રાજ કોલેજ મોડ નજીક ઝાલમુરીનો સ્ટોલ ચલાવતા બિક્રમ કુમાર સાઉ ત્યારે ચર્ચામાં આવ્યા હતા જ્યારે પીએમ ૧૯ એપ્રિલે એક જાહેર રેલીમાંથી પરત ફરતી વખતે તેમની દુકાને રોકાયા હતા અને આ લોકપ્રિય નાસ્તો ખાધો હતો.

સાઉએ ઝારગ્રામ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે, જેમાં આરોપ લગાવ્યો છે કે તેમને ૧૭ મેથી પાકિસ્તાન અને બાંગ્લાદેશના હોવાનો દાવો કરતા લોકો તરફથી ધમકીભર્યા ફોન કોલ્સ અને મેસેજ આવી રહ્યા છે.

ફરિયાદ અનુસાર, ફોન કરનારાઓએ કથિત રીતે તેમને જાનથી મારી નાખવાની અને તેમના સ્ટોલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી.

સાઉએ એવો પણ દાવો કર્યો હતો કે એક વૉટ્સએપ વીડિયો કોલ દરમિયાન કેટલાક લોકોએ હથિયારો બતાવીને ધમકીઓ આપી હતી.

પોલીસે જણાવ્યું કે, તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને કોલ્સ તેમજ મેસેજ ક્યાંથી આવ્યા છે તેનો સ્ત્રોત શોધવામાં સાયબર ક્રાઈમ નિષ્ણાતો મદદ કરી રહ્યા છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, "ફરિયાદ નોંધી લેવામાં આવી છે અને તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. અમે કોલ્સ અને મેસેજના સ્ત્રોતની ચકાસણી કરી રહ્યા છીએ."

ધમકીઓને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓએ સાઉના સ્ટોલની બહાર ચાર (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ના જવાનો તૈનાત કર્યા છે અને વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે.

# સોશિયલ મીડિયા સ્ટોક મેનિપ્યુલેશન કૌભાંડમાં સેબીએ 7 એન્ટિટી પર પ્રતિબંધ મૂક્યો

મુંબઈ, તા. 23: સોશિયલ મીડિયા સ્ટોક મેનિપ્યુલેશન કૌભાંડમાં સેબીએ 7 એન્ટિટી પર પ્રતિબંધ મૂક્યો છે. સેબી રિટેલ રોકાણકારોને પ્રભાવિત કરવા અને સ્મોલ-કેપ સ્ટોક ટ્રેડમાંથી નફો મેળવવા માટે ટેલિગ્રામ, વોટ્સએપ અને એક્સનો ઉપયોગ કરવાના આરોપમાં સાત વ્યક્તિઓની તપાસ કરી રહી છે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા ઓછામાં ઓછા સાત વ્યક્તિઓ પર X સહિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને રિટેલ રોકાણકારોને પ્રભાવિત કરવા અને ભલામણોથી આગળ ટ્રેડિંગ કરીને નફો કમાવવાના આરોપસર તપાસ કરવામાં આવી છે. અમલીકરણ આદેશ અનુસાર, ઓર્ડરમાં નામ આપવામાં આવેલા લોકોમાં હેમંત ગુપ્તા, રોહન ગુપ્તા, અનિકેત ગુપ્તા, શેરોન ગુપ્તા, લીના ગુપ્તા, રજની ગુપ્તા અને પૂર્વાંગી ગુપ્તાનો સમાવેશ થાય છે.

અહેવાલ મુજબ, હેમંત ગુપ્તા, તેમની પત્ની, ભૂતપૂર્વ પત્ની અને તેમના ચાર બાળકોએ કથિત રીતે નાની કંપનીઓના શેરમાં હેરાફેરી કરવા માટે ટેલિગ્રામ, વોટ્સએપ અને X નો ઉપયોગ કર્યો હતો. સેબીનો આરોપ છે કે જૂથે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા સ્ટોક ભલામણો શેર કરી હતી જ્યારે કોલ્સ જાહેરમાં પ્રસારિત થયા પહેલા તે જ શેરમાં પોઝિશન લીધી હતી. નિયમનકારના જણાવ્યા મુજબ, તેની સર્વેલન્સ સિસ્ટમ્સે સ્ટોક્સને પ્રોત્સાહન આપતી પોસ્ટ્સ, ખાસ કરીને SME પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ કંપનીઓ સાથે જોડાયેલી શંકાસ્પદ ટ્રેડિંગ પ્રવૃત્તિ શોધી કાઢી હતી. સેબીએ જણાવ્યું હતું કે, વ્યક્તિઓએ ભલામણો ઓનલાઈન પ્રકાશિત કરતા પહેલા ઓછી લિક્વિડિટી કાઉન્ટર્સમાં શેર ખરીદ્યા હતા અને બાદમાં છૂટક ભાગીદારીથી ભાવમાં વધારો થયા પછી તેમને વેચી દીધા હતા. બજાર નિયમનકારે કોર્ટની મંજૂરી મેળવ્યા પછી 21 જાન્યુઆરીથી 24 જાન્યુઆરી, 2026 વચ્ચે તપાસ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી. તપાસ દરમિયાન, ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા અને નિવેદનો નોંધવામાં આવ્યા હતા. તપાસના ભાગ રૂપે સેબીએ ડિસેમ્બર 2023 થી જાન્યુઆરી 2026 સુધીની ટ્રેડિંગ પ્રવૃત્તિની તપાસ કરી હતી. તેના વચગાળાના આદેશમાં, સેબીએ જણાવ્યું હતું કે સાત એન્ટિટીનું સંયુક્ત કુલ વેપાર મૂલ્ય અગાઉના સમયગાળામાં રૂ. 548.62 કરોડથી વધીને રૂ. 1,023.40 કરોડ થયું હતું, જે 86% નો વધારો દર્શાવે છે.

નિયમનકારે એવો પણ દાવો કર્યો હતો કે કંપનીઓનો કૂલ સ્ક્વેર ઓફ નફો રૂ. 17.06 કરોડથી વધીને રૂ. 58.40 કરોડ થયો છે, જે 242% નો વધારો દર્શાવે છે. સેબીએ રોહન ગુપ્તા અને શેરોન ગુપ્તાને સૌથી મોટા લાભાર્થીઓમાં ઓળખ્યા છે, જેમણે કથિત રીતે લગભગ રૂ. 50 કરોડનો સંયુક્ત નફો મેળવ્યો હતો. આ આદેશમાં એવા અનેક કિસ્સાઓ પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા જ્યાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવેલી સ્ટોક ભલામણો કરતાં સોદા કથિત રીતે આગળ રાખવામાં આવ્યા હતા, જેના કારણે SME અને લો-ફ્લોટ શેરોમાં ભાવમાં વધારો થયો હતો.



ઇદ ઉલ અઝહાનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે દેશમાં બકરાઓનું ખરીદ વેચાણ જોરમાં છે. આ તસવીર બિહારના એક બકરા બજારની છે જ્યાં તગડા બકરાઓ ૫૦૦૦૦થી માંડીને અઢી લાખ જેટલી કિંમતે પણ વેચાઇ રહ્યા છે અને અહીં કેટલાક બકરાઓને સલમાન ખાન, અમિતાભ બચ્ચન, શાહરૂખ એવા નામ આપવામાં આવ્યા છે!